**સુરત મહાનગરપાલિકા**
**સેન્ટ્રલ ઝોન**
**ઓનલાઈન કોટેશન નં.–૦૧**
**સેન્ટ્રલ ઝોન/એન્જી/આઉટ/ 3900, તા.25.૧૧.૨૦૨૫**

**વિષય :–** સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ મેઈન રોડ ઉપર સેન્ટર લાઈનમા આવતા હયાત સ્ટ્રીટલાઈટ પોલો તેમજ સેન્ટ્રલ ઝોનમા સમાવિષ્ટ હયાત બ્રીજો ઉપરના લાઈટ પોલો ઉપર આગામી ઉતરાયણના તહેવાર–૨૦૨૬ નિમિત્તે MS બાઈન્ડીગ વાયર બાંધવાની તેમજ તેહવાર બાદ ફરીથી પોલ પરથી દૂર કરવાની કામગીરી .

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ મેઈન રોડ ઉપર સેન્ટર લાઈનમા આવતા હયાત સ્ટ્રીટલાઈટ પોલો ઉપર તેમજ સેન્ટ્રલ ઝોનમા સમાવિષ્ટ હયાત બ્રિજો ઉપરના હયાત લાઈટ પોલો પર ઉતરાયણના તહેવાર–૨૦૨૬ નિમિત્તે MS બાઈન્ડીગ વાયર બાંધવાની કામગીરી અને તહેવાર બાદ પોલ પરથી દૂર કરવાની કામગીરી માટે આ પ્રકારના કામના જાણકાર અને અનુભવી ઈજારદારો/ રસ ધરાવતા ઈજારદારો આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.૦૨/૧૨/૨૦૨૬, સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં લેખિત ભાવપત્રક કાર્યપાલક ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોન સુરત ખાતે જમા કરાવવાનું રહેશે. મુદત વિત્યા બાદ કોઈપણ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહી.

| અ.નં. | કામની વિગત | | માલ સામગ્રીનો જથ્થો (અંદાજીત રનીગ મીટર) | ભાવપ્રતિ મીટર (WITHOUT GST) રૂા....પૈ. | કુલ રકમ રૂા....પૈ |
|---|---|---|---|---|---|
| | | | A | B | C = A X B |
| 1 | Binding & Removal of M.S.binding Wire at Street light Pole situated on different roads & bridges in central zone Surat Municipal Corporation area, Surat. | | 30,000 | 2.50 | 75000.00 |
| | TOTAL ESTIMATED AMOUNT (With OUT GST) Rs. | Rs. 75,000/- | | | |
| | % ABOVE/BELOW FROM ESTIMATE AMOUNT Rs. | ..........% ABOVE/ BELOW | | | |
| | TOTAL AMOUNT AFTER % ABOVE/BELOW Rs. (TOTAL AMOUNT IN WORDS) | | | | |

## નિયમો અને શરતો

(૧) સદરહુ કામગીરીમાં વાયર લગાડવાની અને કાઢવાની તથા તેને આનુસાંગિક કામગીરીઓ માટે વધારાની કોઈ રકમ ચૂકવવામાં આવશે નહી અને આ સાથે સામેલ કરેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) ઉપરોક્ત ભાવપત્રક મંજુર થયેથી, વર્કઓર્ડરમાં જણાવેલ તારીખથી કામગીરી શરૂ કરી ૦૭ દિવસમાં તાર બાંધવાની અને તેહવાર પૂરો થયા બાદ મ.ન.પા ના સૂચવ્યા બાદ દિન–૧૦ માં દિવસ તાર કાઢવાની કામગીરી પુરી કરવાની રહેશે. આ કામ નિયત સમયમર્યાદામાં પુર્ણ થાય તે અંગે ખાસ તકેદારી રાખવાની રહેશે. જેથી તે મુજબની કામની પ્રગતિ અચુક રાખવા નોંધ લેશો.

(૩) સદર કામમાં ઈજારદારે મંજુર ટેન્ડર રકમના ૨.૫% પ્રમાણે સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૪) સદર કામમાં ઈજારદારે સુરત મહાનગરપાલિકા સાથે જરૂરી એગ્રીમેન્ટ/સ્યોરીટી/ અંડરટેકીંગ માટે ગુજરાત રાજયના રૂા. ૩૦૦/– ની કિંમતના એક એવા ત્રણ નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર પર કરારનામું કરવાનું રહેશે.

(૫) ઈજારદારે પોતાને કરવાની કામગીરીની સંપુર્ણ જાણકારી સ્થળ નિરીક્ષણ કરી મેળવી લેવાની રહેશે.

(૬) આ પત્ર મળ્યેથી કામ શરૂ કરવા માટે કામની લાઈન/માર્ગદર્શન સલાહ– સુચન મેળવવા અત્રેના ખાતાના સંબંધિત ડે.ઈજનેર/જુની. ઈજનેરનો સંપર્ક સાધવા નોંધ લેશો.

(૭) કોઈપણ ઓફર/ભાવ સ્વીકારવા કે રદ કરવા માટે કોઈપણ કારણ આપવામાં આવશે નહી.

(૮) અધુરી તેમજ અસંતોષકારક કામગીરી સામે ઈજારો ટર્મીનેટ કરવાનો અને તેમના ખર્ચેને જોખમે અન્ય ઈજારદાર પાસે કામગીરી કરાવવાનો અધિકાર મહાનગરપાલિકા પાસે અબાધિત રહેશે.

(૯) કામગીરી દરમ્યાન ટ્રાફીકને અવરોધ ન થાય તે રીતે દિવસ/રાત્રે કામગીરી કરવાની રહેશે. તદઉપરાંત જરૂરીયાત જણાયે ડે.ઈજનેરશ્રી /જુની.ઈજનેરશ્રી સાથે પરામર્શ કર્યા બાદ, કામગીરી દરમ્યાન બ્રીજને વાહનવ્યવહાર સારૂ બંધ કરવા માટે પુરતી મજબૂતાઈનું જરૂરિયાત અનુસારનું બેરીકેડીગ સ્વખર્ચે કરી સલામતીના તમામ પગલાઓ લેવાના રહેશે.

(૧૦) કામગીરી દરમ્યાન બ્રીજનાં હયાત બાંધકામને નુકશાન કે તુટફુટ ન થાય તે રીતે કામગીરી કરવાની રહેશે તેમ છતાં આકસ્મિક રીતે હયાત બાંધકામને નુકશાન થશે તો તેવા સંજોગોમાં ઈજારદારે સ્વખર્ચે તમામ રીપેરીગ કરવાનું રહેશે. જેનું સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈપણ ચુકવણું કરવાનું રહેશે નહી.

(૧૧) બ્રીજ પર તેમજ રસ્તાઓ પર સૂચવ્યા મુજબ તાર બાધવાની કામગીરી કર્યા બાદ, સમયાતરે તાર તૂટવાની કે અન્ય કોઈ રીતે તાર દૂર થાય તો ફરીથી તાકીદે તાર બાંધી આપવાના રહેશે.ઈજારદારે પણ સમયાંતરે જરૂરી ચકાસણી કરવાની રહેશે.

(૧૨) કામગીરી દરમ્યાન બ્રીજ પર કે બ્રીજ નીચે ચાલતા વાહન વ્યવહારને નુકશાન / અકસ્માત ન થાય તે બાબતની પુરતી તકેદારી રાખી સલામતીનાં તમામ પગલા લેવાનાં રહેશે.અન્યથા ઉપસ્થિત થનાર પરિસ્થિતિની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૩) ઈજારદારના કામદાર/કર્મચારીઓને કોઈ અકસ્માત થાય કે ઈજા થાય તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને તમામ સલામતીના પગલાં લેવાના રહેશે.

(૧૪) ઈજારદાર બ્રીજ પર બાંધવામાં આવેલ વાયરોને સ્વખર્ચે દૂર કરવાના રહેશે. વાયરો દૂર થયા બાદ જ બીલ ની ચુકવણી કરવામાં આવશે.

(૧૫) સદર કામ શરૂ કરતી વખતે સ્થળ ઉપર કામ કરતા કામદારો/મજૂરોમાં બાળમજૂરો કામે રાખવા નહી. જો સદર કામમાં બાળ મજૂરો કામે રાખશો તો તે અંગેની ઉપસ્થિત પરિસ્થિતિની તમામ જવાબદારી એકમાત્ર ઈજારદારની રહેશે. તેમ છતાં બાળ મજૂરો રાખવામાં આવશે તો રૂા.૨૦,૦૦૦/– વસૂલ લઈ ચાઈલ્ડ રીહેબીલીટીટેશન–કમ–વેલ્ફેર ફંડ ખાતે કલેકટરશ્રીને જમા કરાવવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

(૧૬) ઈજારદારશ્રીએ આ પ્રકારની કામગીરીને લાગુ પડતા સરકારશ્રીના તમામ પ્રવર્તમાન કાયદા તથા નિયમોને ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧૭) કોન્ટ્રાકટર મુજબ (નિયમ અને નાબુદી) અધિનિયમ – ૧૯૭૦ :–
પ્રવર્તમાન કાયદા હેઠળ લેબર લાયસન્સ લેવું જરૂરી હોય તો તે અંગે અત્રેની કચેરીના સેકશન ઓફિસરશ્રીને રૂબરૂ મળી લાયસન્સ મેળવી લેવા માર્ગદર્શન મેળવી અને તે અંગે જરૂરી લાયસન્સ મેળવી તમોને સુપ્રત કરેલ કામગીરી ચાલુ કરવી, તેમ છતાં તે મેળવ્યા સિવાય જો આ કામગીરી ચાલુ કરવામાં આવશે, તો તે સામે ઉભા થનાર સંભવિત સર્વાંગી જવાબદારી તમારા શીરે રહેશે. જેની પણ આથી સ્પષ્ટ નોંધ લેશો.

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

સે.ઝોન/એન્જી/આઉટ ૩૯૦૦
તા. ૨૫-૧૧-૨૦૨૫

X:\Sanjay\Utrayan 2026\QUATATION_Notice.docx